# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૦૯-૦૪-૨૦૨૫ | **વાર્ષિક પરીક્ષા - ૨૦૨૫** | કુલ ગુણ : ૮૦

વાર : બુધવાર | ધોરણ : ૧૧ વિષય : અર્થશાસ્ત્ર | સમય : ૩ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે. (2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે. (3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો. (4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

## વિભાગ - A

★ **નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** **16**

(1) Economics શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી ઉતરી આવ્યો છે ?
(A) Oikonomikos (B) Ecology (C) PHILO (D) NOMOS

(2) સંપતિ નીચે આપેલા વિકલ્પમાંથી કયું લક્ષણ ધરાવતી નથી ?
(A) ઉપયોગિતાનો ગુણ ધરાવે છે (B) તેની છત હોવી જોઈએ
(C) બાહ્યરૂપ ધરાવે છે (D) વિનિમયપાત્રતા ધરાવે છે

(3) વ્યક્તિની આવક અને વસ્તુની માંગ વચ્ચે કેવો સંબંધ છે ?
(A) વ્યસ્ત (B) ઋણ (C) શૂન્ય (D) સીધો

(4) એક વસ્તુના સ્થાને બીજી વસ્તુ જરૂરીયાત સંતોષવા માટે વાપરી શકાતી હોય તો તેવી વસ્તુઓને શું કહે છે ?
(A) પૂરક વસ્તુ (B) અવેજી વસ્તુ (C) સમાન વસ્તુ (D) આપેલ તમામ

(5) ભવિષ્યમાં ભાવો ઘટવાની અટકળો હોય તો પેઢીના વર્તમાન પુરવઠામાં કેવો ફેરફાર થશે ?
(A) શૂન્ય રાખે છે (B) ઘટાડે છે (C) વધારે છે (D) સ્થિર રાખે છે

(6) સરેરાશ ખર્ચની રેખાનો આકાર કેવો હોય છે ?
(A) હૉકીસ્ટિક (B) U (C) V (D) ચોરસ

(7) કાયમી કર્મચારીઓનું વેતન કેવા પ્રકારનો ખર્ચ છે ?
(A) અસ્થિર (B) સરેરાશ (C) વૈકલ્પીક (D) સ્થિર

(8) કયા બજારમાં પેઢીઓનો પ્રવેશ બંધ હોય છે ?
(A) અલ્પહસ્તકઈજારો (B) પૂર્ણ હરીફાઈ (C) ઈજારો (D) ઈજારાયુક્ત હરીફાઈ

(9) કિંમત ભેદભાવ કયા બજારનું લક્ષણ છે ?
(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(10) ભારતમાં કેવા પ્રકારની બેકારી જોવા મળે છે ?
(A) ચક્રિય (B) માળખાગત (C) નિરપેક્ષ (D) સાપેક્ષ

(11) ભારતમાં રેલ્વેની શરૂઆત કયા વર્ષમાં થઈ ?
(A) 1847 (B) 1853 (C) 1901 (D) 1947

(12) આયાત થતી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન દેશમાં કરવામાં આવે તેને શું કહેવાય છે ?
(A) ખાનગીકરણ (B) ઉદારીકરણ (C) આયાત અવેજીકરણ (D) વૈશ્વિકીકરણ

(13) નીચેનામાંથી કઈ આવક રાષ્ટ્રીય આવકમાં ગણાશે ?
(A) દાણચોરીની આવક (B) પેન્શનની આવક
(C) બેરોજગારી ભથ્થાની આવક (D) પુસ્તકોના કોપી રાઈટસની આવક

(14) વસ્તુ કે સેવાના આંતરરાજય વેચાણ પર ......... લાગશે.
(A) CGST (B) SGST (C) UTGST (D) IGST

(15) પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોની છણાવટ કોણે કરી છે ?
(A) ડૉ.એમ.એસ.સ્વામીનાથન (B) ડૉ.એમ.એસ.રંગરાજન
(C) ડૉ.સુભાષ પાલેકરજી (D) ડૉ.કલાર્ક

(16) સામાન્ય રીતે દર કેટલા દિવસે જમીનને જીવામૃત આપવું જોઈએ ?
(A) 2 (B) 5 (C) 8 (D) 15

Master Classes Chirag Prajapati 9824149446

## વિભાગ - B

★ **નીચેના પ્રશ્નોના ઉત્તરો એક વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 8

(17) માંગમાં વિસ્તરણ સંકોચન ક્યારે શક્ય બને છે ?

(18) પુરવઠા રેખાનો ઢાળ કેવો હોય છે ?

(19) માંગની મુલ્ય સાપેક્ષતા માપવાની રીતોના નામ આપો.

(20) જકાત એટલે શું ?

(21) FDI નું પુરું નામ આપો.

(22) માથાદીઠ આવક જાણવાનું સૂત્ર આપો.

(23) સામાન્ય રીતે સંસદમાં અંદાજપત્ર કોણ રજુ કરે છે ?

(24) વાફસા કોને કહે છે ?

## વિભાગ - C

★ **નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. (ગમે તે 9) (પ્રત્યેકના 2 ગુણ)** 18

(25) આર્થિક પ્રવૃત્તિ અને બિન આર્થિક પ્રવૃત્તિના ઉદાહરણ જણાવો. (કોઈ પણ બે)

(26) નાશવંત વસ્તુઓ કોને કહેવાય. ઉદાહરણ આપો.

(27) વ્યાપારચક્રના કેટલા તબક્કા છે ? કયા કયા ?

(28) ઉત્પાદનનો અર્થ સમજાવો.

(29) લાંબેગાળે બધા ખર્ચાઓ અસ્થિર બની જાય છે - સમજાવો.

(30) કિંમત-ભેદભાવનો અર્થ સમજાવો.

(31) હોમ ચાર્જિસ એટલે શું ?

(32) MRTP એક્ટનું પુરું નામ આપો આ કાયદો શા માટે ઘડાયો ?

(33) વિકાસશીલ દેશોમાં કયું અંદાજપત્ર બને છે ? શા માટે ?

(34) અંદાજપત્રીય ખાધના પ્રકારો જણાવો.

(35) કૌટિલ્યએ રાજકોષ વધારવા રાજયની આવકના કેટલા સ્રોત દર્શાવ્યા છે ? કયા કયા ?

(36) પ્રાકૃતિક ખેતીના આયામો જણાવો.

## વિભાગ - D

★ **નીચે આપેલા પ્રશ્નો ઉત્તર મુદ્દાસર લખો. (ગમે તે 6) (પ્રત્યેકના 3 ગુણ)** 18

(37) એડમ સ્મિથ અને માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા વિગતે સમજાવો.

(38) સંપત્તિના કોઈ પણ ત્રણ લક્ષણો સમજાવો.

(39) સ્થિર ખર્ચનો અર્થ આપી આકૃતિ દ્વારા તેની સમજુતી આપો.

(40) પૂરવઠાના નિયમના અપવાદો સમજાવો.

(41) સરેરાશ ખર્ચ રેખાનો આકાર 'U' હોય છે આકૃતિ દ્વારા સમજાવો.

(42) ઈજારાયુક્ત હરીફાઈના ત્રણ લક્ષણો સમજાવો.

(43) ભારતના વિવિધ ક્ષેત્રોનો રોજગારીમાં ફાળોની નીચે આપેલ માહિતીનો અભ્યાસ કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કેસ સ્ટડી આધારિત પ્રશ્ન) (પ્રત્યેકનો એક ગુણ)

રોજગારીમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો (ટકામાં)

| ક્ષેત્ર | 1951 | 1991 | 2001 | 2011-12 |
|---|---|---|---|---|
| પ્રાથમિક ક્ષેત્ર | 72.1 | 66.9 | 56.7 | 48.9 |
| ઔદ્યોગિક ક્ષેત્ર | 10.6 | 12.7 | 18.1 | 24.2 |
| સેવાક્ષેત્ર | 17.3 | 20.4 | 25.2 | 26.9 |

સ્રોત : આર્થિક સર્વે (2014-15)

(a) ભારતમાં કયા ક્ષેત્રનો રોજગારીમાં ફાળો સતત ઘટતો માલૂમ પડે છે ?

(b) વર્ષ 2011-12 માં રોજગારીમાં કયા ક્ષેત્રનો ફાળો સૌથી વધુ જોવા મળે છે

(c) વર્ષ 2011-12 માં રોજગારીમાં કયા ક્ષેત્રનો ફાળો સૌથી ઓછો જોવા મળે છે ?

Master Classes Chirag Prajapati 98241 49446


(44) વૈશ્વિકીકરણનો અર્થ આપી તેની મહત્વની બાબતો જણાવો.

(45) રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉદ્ભવતી સમસ્યાઓની સમજુતી ટુંકમાં જણાવો.

## વિભાગ - E

★ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે 4) (પ્રત્યેકના 5 ગુણ)** **20**

(46) નીચે આપેલી આકૃતીને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.
(કેસ સ્ટડી આધારીત પ્રશ્ન) (પ્રત્યેકનો એક ગુણ)




(a) માંગમાં વધારો-ઘટાડો ક્યારે શક્ય બને ?

(b) માંગમાં વધારો એટલે શું ?

(c) માંગમાં ઘટાડો એટલે શું ?

(d) બિંદુ a થી બિંદુ c તરફ માંગરેખાનું સ્થાન પરિવર્તન માંગમાં શું દર્શાવે છે ?

(e) માંગમાં વધારો-ઘટાડો કેટલી માંગરેખા પર જોવા મળે છે

(47) પૂરવઠાનો નિયમ આકૃતિ દ્વારા સમજાવો.

(48) ઈજારાના લક્ષણો સમજાવો. (કોઈ પણ પાંચ)

(49) અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા સમજાવો.

(50) અંદાજપત્રીય ખાધના પ્રકારો સમજાવો.

(51) ગાંધીજીએ રજુ કરેલ ટ્રસ્ટીશીપ (વાલીપણા) નો સિદ્ધાંત વિગતે સમજાવો.

●●●●●

Master Classes Chirag Prajapati 98241 49446